ગાંધીનગર સમાચાર

તા. ૨૮-૧૨-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### ઝારખંડમાં બિનઆદિવાસી મુખ્યમંત્રી

અટલબિહારી વાજપેયીના શાસનકાળમાં ત્રણ નાનાં રાજયોને મંજૂરી આપવામાં આવી એ પૈકી ઝારખંડ એ આદિવાસી બહુલ ક્ષેત્ર તરીકે આદિવાસી અસ્મિતાની રખેવાળી અને એની કુદરતી સંપદાનો બિહારનો અન્ય વિકસિત વિસ્તાર લાભ લઈ જતો અટકે એવા ઉદેશથી અસ્તિત્વમાં આવેલું રાજય હતું. ચૌદ વર્ષના ગળામાં ઝારખંડે ફકત સત્તાની સાઠમારીના જ ખેલ જોયા છે. વિકાસનું સપનું અધ્ધર જ લટકી ગયું છે અને અઢળક કુદરતી સંપદા હોવા છતાં ઝારખંડ દેશનાં ગરીબ અને પછાત રાજયોની પંગતમાં જ રહ્યું છે. શિબુ સોરેન જેવા આદિવાસીઓના 'ગુરુજી' આખી જિંદગી ઝારખંડ મેળવવા ઝઝૂમતા રહ્યા. ઝારખંડ મુક્તિ મોરચાના સંસ્થાપક અને આજીવન પ્રમુખ શિબુ સોરેનને કેન્દ્રના કોલસા મંત્રી અને રાજયના મુખ્યમંત્રી જેવાં સત્તાનાં પદ પણ પ્રાપ્ત થતાં રહ્યાં. એમણે નરસિંહરાવ સરકારને બચાવવા મેળવેલી લાંચ જગજાહેર ચર્ચાનો વિષય બની. કેસ પણ ચાલ્યા અને છેવટે મહત્ત્વના સાક્ષીના શંકાસ્પદ મૃત્યુ પછી પુરાવાના અભાવે એમાંથી પુરાવાના અભાવે છૂટી પણ ગયા. સત્તાની સંતાકૂકડીમાં કયારેક બાબુલાલ મરાંડી તો કયારેક અર્જુન મુંડા તો વળી એકવાર મહાભ્રષ્ટ અપક્ષ ધારાસભ્ય મધુ કોડા પણ મુખ્યમંત્રીપદનો સ્વાદ ચાખી શકયા હતા. છેલ્લે શિબુ પુત્ર હેમંત સોરેન મુખ્યમંત્રી પદે બિરાજતા હતા અને મોદીવેવનો લાભ લઈ અર્જુન મુંડા ફરી પાછા એ ખુરશી મેળવવા તલપાપડ થઈ રહ્યા હતા. કમનસીબે અર્જુન મુંડા બેઉ બેઠકો પરથી હારી જતાં ભાજપ પાસે બિનઆદિવાસી ધારાસભ્ય અને પૂર્વ ઉપમુખ્યમંત્રી રઘુવર દાસનો જ મજબૂત દાવો સ્વીકારવા સિવાય બીજો વિકલ્પ નહોતો રહ્યો. એમ તો ભાજપના વરિષ્ઠ નેતા યશવંત સિન્હા અને એમના પુત્ર જયન્ત સિન્હા પણ ઝારખંડના હઝારીબાગ વિસ્તારનું જ પ્રતિનિધિત્વ કરતા હોઈ ભાજપ સર્વણ કાર્ડ ખેલી શકે એમ હતું. એણે એ દુઃસાહસ કરવાને બદલે 'ઓબીસી' રઘુવરદાસ પર પસંદગી ઉતારી છે. રઘુવર દાસે પ્રજાના 'દાસ' બની રહેવાની ખાતરી આપી છે. આમ, ઝારખંડ કે જે આદિવાસી રાજય તરીકે અસ્તિત્વમાં આવ્યું હતું એને પહેલા બિનઆદિવાસી મુખ્યમંત્રી મળી રહ્યા છે. ભાજપ-આજસુ ગઠબંધનને બેતાળીસ બેઠકો મળી છે, જે સ્પષ્ટ બહુમતી કરતાં એક વધારે છે. પરંતુ પ્રથમ ગ્રાસે મક્ષિકા ન્યાયે ઝારખંડનાં આદિવાસી સંગઠનોએ ઝારખંડ બંધુને એલાન આપી ઓબીસી વડાપ્રધાન મોદી અને ઓબીસી મુખ્યમંત્રી રઘુવર દાસને શપથવિધિ ટાણે જ નાક કાપીને અપશુકન કરાવ્યા છે. મજબૂત વિપક્ષ તરીકે ઊપસી આવેલા ઝારખંડ મુક્તિ મોરચાએ પણ આ ઝારખંડ બંધને ટેકો જાહેર કર્યો છે તે સૂચવે છે કે ભાજપ સરકારનો માર્ગ કેટલો કાંટાળો છે. મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન ઝારખંડની મબલક પ્રાકૃતિક સંપદાના બળ પર રાજયને ભારતનું નંબર-વન રાજય બનાવવાનું વચન આપેલું. હવે ઝારખંડમાં રચાયેલી રઘુવર દાસના નેતૃત્વવાળી સરકાર એમાં કેટલી પાર ઊતરે છે, તે જોવું રસપ્રદ બની રહેશે. આદિવાસી સમાજને સારું લગાડવા માટે હારી ગયેલા આદિવાસી નેતા-પૂર્વ મુખ્યમંત્રી અર્જુન મુંડાને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બનાવી દેવાની ચાલ કેટલી 'ક્લિક' થશે, એ પણ સમય જ કહેશે. કાશ્મીરમાં હિંદુ અને ઝારખંડમાં બિન-આદિવાસી મુખ્યમંત્રી બનાવી ભાજપ એની સવર્ણ વોટ બેંક વધુ મજબૂત બનાવવા માગતો હોય એ વધુ શકય છે.

## રાજ શિક્ષણ સંકુલની શાળાઓનો સંયુકત વાર્ષિકોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સે-૨૫ની જીઆઈડીસીમાં આવેલ રાજ શિક્ષણ સંકુલમાં આવેલ શાળાઓનો સંયુકત વાર્ષિકોત્સવ ૨૦૧૪-૧૫ ઉજવાયો હતો. આ વાર્ષિકોત્સવમાં માણસા નગરપાલિકાના પ્રમુખ ગોવિંદભાઈ પટેલ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતાં.

રાજ શિક્ષણ સંકુલની રાજ પ્રાથમિક શાળા, શારદા વિદ્યાલય, બી.બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા અને ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સના આ સંયુકત વાર્ષિકોત્સવમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા તેમજ વર્ષ દરમિયાન શાળાની ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર બાળકોને પણ પ્રમાણપત્રો અપાયા હતાં. આ કાર્યક્રમમાં જુનિયર અને સિનિયર કેજીના ભૂલકાંઓએ પણ સુંદર કૃતિઓ રજૂ કરી હતી. શાળાના વિદ્યાર્થીઓએ રજુ કરેલ કૃતિઓમાં ગીત, નૃત્ય, અભિનય નૃત્ય, એમજે ફાઈવ ડાન્સ અને ગરબાની રજૂઆત કરાઈ હતી. આ ઉપરાંત યોગ-પીરામીડ રજૂ કરી યોગનું મહત્વ સમજાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત સંસ્થાના ચેરમેન બાબુભાઈ પટેલે મુખ્ય મહેમાનોનું સ્વગત કર્યું હતું. આ કાર્યક્રમમાં બાળકો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સ્કાઉટ ગાઈડની જિલ્લા રેલી ૩૦-૩૧મી એ યોજાશે

ગાંધીનગર તા.૨૭

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા તા.૩૦-૩૧ મી ડિસેમ્બરના રોજ સ્કાઉટ ગાઈડ રેલીનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૩૦ મી ડીસેમ્બરના બપોરે ત્રણ વાગે સ્કાઉટ ગાઈડનો કાર્યક્રમ યોજાશે. અધ્યક્ષસ્થાને શ્રી હિનાબેન એચ.પટેલ, પ્રમુખશ્રી જિલ્લા પંચાયત ગાંધીનગર ઉદ્‌ઘાટક ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મુખ્ય મહેમાન પદે શ્રી વિકટર મેકવાન, જિલ્લા વિકાસ અધિકારી ગાંધીનગર અતિથિ વિશેષ પદે શ્રી એસ.એમ.બારડ જિલ્લા શિક્ષણાધિકારી ગાંધીનગર રહેશે.

સાંજે વન્ય જીવ પરિચય શ્રી જે.જી વિહોલ મદદનીશ વન સંરક્ષક તાલીમ સમજાવશે. રાત્રે કેમ્પ ફાયરમાં શ્રી નાનુભાઈ વાનાણી શિક્ષણ (પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ) રાજય કક્ષાના મંત્રીશ્રી મુખ્ય મહેમાન પદે શ્રી વિક્રમભાઈ પટેલ, મેનેજીંગ ડીરેકટરશ્રી ગાંધીનગર નાગરિક કો.ઓ.બેંક અતિથિ વિશેષ પદે શ્રી યુ.આર.વસાવા રાજય શારિરીક શિક્ષણ નિરીક્ષક રહેશે.

તા.૩૧ મી ડીસેમ્બરના રોજ મુખ્ય મહેમાન પદે શ્રી રાજુભાઈ પટેલ, સંચાલક શ્રી વિવેકાનંદ એકેડમી રહેશે. શ્રી સમીરભાઈ એસ.ત્રિવેદી મેનેજીંગ ડીરીકટર કોસમોસ મેન પાવર. શ્રી હેમંતભાઈ સુથાર મદદનીશ વન સંરક્ષકશ્રી, શ્રી વી.પી.સાકરીયા, આર.એફ.ઓ.વન્ય જીવ તાલીમ વિભાગ શ્રી નિપલબેન ડી પટેલ પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી પ્રસ્થાન કરાવશે.

અભિવાદન સમારોહમાં શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા શિક્ષણ મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાશે. જેમાં મુખ્ય મહેમાન પદે શ્રી અરૂણભાઈ ચૌધરી મુખ્ય વન સંરક્ષક સંશોધન અને તાલીમ વિભાગ શ્રી એલ.કે.વાઘેલા ચેરમેનશ્રી નાગરિક બેંક અતિથિ વિશિષ પદે શ્રી એન.એમ.રાઠોડ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉપસ્થિત રહેશે.

શ્રીમતી દેવેન્દ્રકુમાર રાઓલ, જિલ્લા આયોજક કમિશ્નરશ્રી ગાઈડ સંચાલન કરશે.





પ્રેરણા વિદ્યાલય સે-૫ ખાતે જયોતિ મહિલા મંડળ અને સીનીયર સિટીઝન કાઉન્સીલ દ્વારા તા. ૨૭ ડિસેમ્બર શનિવારના રોજ શ્રીમતી મીનાબેન શાહ (કન્વીનર, મહિલા પાંખ સીનીયર સીટીઝન કાઉન્સિલ)ના માર્ગદર્શન હેઠળ ચ્યવનપ્રાશ, આંબળાનો રસ, વિવિધ શરબતો તેમજ શિયાળુપાકની વિવિધ રેસીપી શીખવાડવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

## હરિની દૃષ્ટિ...




જો અડદીયા હથોડીથી પણ તુટે તેમ નથી... એક કામ થાય... હોમ-સ્ટે માટે વિદેશી મહેમાન આવવાના છે તેમને કહેવાનું કે આ ગુજરાતની સોલીડ-ડીશ છે..ખાઈ જશે.

## આરાધના વિદ્યાવિહાર દ્વારા સરદાર સરોવરનો પ્રવાસ યોજાયો

ગાંધીનગર તા.૨૭

આરાધના વિદ્યાવિહારના ૧૦૪ વિદ્યાર્થીઓનો નર્મદા યોજના સરદાર સરોવર તથા વડોદરા કમાટી બાગ પ્રાણી સંગ્રહાલયનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો.

નર્મદા યોજના સરદાર સરોવર ખાતે જળ વિદ્યુત ઉત્પાદન માટેનો પ્રોજેકટ, જુદા જુદા વ્યુ પોઈન્ટ, મોડેલ રૂમ, વિડિયો ફિલ્મ, પાણી વિતરણ આયોજનની જાણકારી ગાઈડશ્રી મારફતે આપવામાં આવી હતી.

વડોદરા ખાતે પ્રાણી સંગ્રહાલય વન્ય જીવોથી પરિચિત થયા હતા. મેજેજીંગ ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી શિક્ષકશ્રીઓએ સહયોગ આપ્યો હતો.

## પી.કે. ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓએ ૧૨૦ ગોલ્ડ સાથે ૧૮ મેડલ્સ જીત્યાં

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેકટર-૭માં આવેલ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓએ ઈન્ટર કોલેજ એથ્લેટીકસ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. આ ખેલાડીઓએ ૧૨ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૧ બ્રોન્ઝ સાથે કુલ ૧૮ મેડલ્સ જીત્યા હતાં. આ ઈન્ટર કોલેજ એથ્લેટીકસ સ્પર્ધા પાવી-જેતપુરની એમ.સી. રાઠવા આર્ટસ કોલેજ દ્વારા તા. ૧૪ અને ૧૫ ડિસેમ્બર દરમિયાન દેવગઢ બારિયા ખાતે યોજવામાં આવી હતી.

આ સ્પર્ધામાં ચૌધરી કોલેજની ગીતા પટેલે ઊંચી કૂદ, લાંબી કૂદ, લંગડી ફાળ કૂદ અને ૪x૧૦૦ મીટર રીલે દોડમાં પ્રથમ સ્થાન મેળવી ૪ ગોલ્ડ મેડલ્સ મેળવ્યા હતા. સીતા ચારેલે ૮૦૦ મી. દોડ અને ૪x૧૦૦ મીટર રીલે દોડમાં ગોલ્ડ મેડલ અને ૧૫૦૦ મી. દોડ અને ૫૦૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ મેળવ્યા હતાં. આ ઉપરાંત આશા ચૌધરીએ ૪૦૦ મી. દોડ અને ૪x૧૦૦ મીટર રીલે દોડમાં ગોલ્ડ મેડલ તેમજ ૧૦૦ મી. દોડ અને ૨૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ મેળવ્યા હતા. હેતલ સંગાડાએ ગોળા ફેંક, ચક્રફેંક અને બરછી ફેંકમાં ગોલ્ડ મેડલ્સ મેળવ્યા હતા અને રમીલા શાહુએ ૪x૧૦૦ મીટર રીલે દોડમાં ગોલ્ડ અને લાંબી કૂદમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. શારદા મિઠાપરાએ ૧૦૦ મી. દોડમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ તમામ ખેલાડીઓને સંસ્થાના પ્રમુખ, ટ્રસ્ટીગણ, કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી તથા કર્મચારીગણે અભિનંદન પાઠવ્યા હતાં.

# ૨૦૧૫નું ચેક - લીસ્ટ : યે બટોરંગે સમાચારોકી સુર્ખિયા...!!!

૨૦૧૪ તો જવું જવું થઈ રહ્યું છે, ૨૦૧૩ના ડીસેમ્બરના અંતિમ સપ્તાહોમાં જે જમા-ઉધાર કરેલા અને ૨૦૧૪ના સોનેરી ભવિષ્ય માટે જે કોઈ આસમાની-સુલતાની આશાઓના મિનારાઓ બાંધેલા એમાંથી કેટલા ટકી રહ્યા ને કેટલા કડડભૂસ થઈ ગયા એનું આકલન કરવાનો સમય વીતી ગયો છે અને જો બીત ગઈ સો બાત ગઈ... એવું ગણગણીને ૨૦૧૪ને બાય બાય કરતી વખતે આદત મુજબ ૨૦૧૫નું ચેક લીસ્ટ તૈયાર કરવાનું જરૂરી બને છે. આમ તો ભવિષ્યમાં શું છુપાયેલું છે એનો તાગ કાઢવો એ પીકે ના ખોવાયેલા રીમોટ શોધવા જેટલું કઠીન કામ છે જ છતાં પણ ૨૦૧૫નું લાંબુલચ્ચ ચેક-લીસ્ટ બનાવ્યા વગર અમુક વ્યક્તિઓ - બનાવો કે ઘટનાઓનો અંદાજો વિચારવાનું વધુ યોગ્ય લેખાશે. ભવિષ્યમાં શું છુપાયેલું છે એ તો કોઈ કહી નહિ શકે દાખલારૂપે નરેન્દ્ર મોદી નજર સામે જ છે. ૨૦૧૩મા ક્યાં કોઈને એવો અંદાજ પણ હતો કે ૨૦૧૩ના અર્ધે પહોચતા પહોચતા ગુજરાતનો આ નાથ આખાયે ભારતનો નાથ બની જશે? એક સદીથી પણ જૂની પાર્ટી અને ભારત પર ઓલમોસ્ટ સમ્પૂર્ણ સત્તા ભોગવતી કોંગ્રેસ આટલી ગરીબડી અને બિચારી હાલતમાં આવી જશે એવી તો ખુદ સોનિયાને પણ ક્યાં કલ્પના હશે? ધાર્યું ધણીનું જ થાય એને નજર સમક્ષ રાખીને ૨૦૧૪ને મુકીએ બેકસ્ટેજમાં અને એક ડ્રોન નજર નાખીએ એવા વ્યક્તિ-બનાવો-કે ઘટનાઓને જેની પર ૨૦૧૫માં રહેશે નજર!!!

લગભગ સાત મહિનાના શાશન દરમ્યાન નરેન્દ્ર મોદીએ એમના દબદબામાં કુદકે ને ભૂસકે હિજાફો નોંધાવ્યો છે. મહારાષ્ટ્ર, હરિયાણા અને હવે ઝારખંડ અને જમ્મુ-કાશ્મીરમાં ભાજપના દેખાવનો મોટાભાગનો યશ અને જશ બંને નમો ને જ જાય છે એ વાતમાં તો દુશ્મન પણ આંગળી ઉંચી કરશે. ઝારખંડ અને ખાસ કરીને જમ્મુ-કાશ્મીરના ચુંટણી પરિણામો પછી નરેન્દ્ર મોદી ચોક્કસપણે મનમાંને મનમાં આ ગીત ગાતા હશે - મેરા સુંદર સપના તૂટ ગયા... જો કે સપનું સાવ તો નથી તૂટી ગયું કેમકે આ લખાય છે ત્યારે એવા સમાચાર છે કે ભાજપ જે. કે. ની સરકાર બનાવવામાં ફ્રન્ટરનર છે જ ઈનફેક્ટ ભાજપ પ્રમુખ અમિત શાહે તો ભાજપ જ સરકાર બનાવશે એવો આત્મવિશ્વાસ પણ બતાવ્યો છે જોઈએ આગળ શું થાય છે પણ એક વાત ચોક્કસ છે કે મોદીની રણનીતિ અને કાશ્મીર પ્રત્યે સહાનુભુતિભર્યું વલણ બતાવ્યાનું હજુ આનાથી પણ વધુ સારું ફળ મળી શકત જો બરાબર મતદાન સમયે જ ઉત્તરપ્રદેશમાં ભાજપની જ ભગીની સંસ્થાઓએ ઘરવાપસીની માથાકૂટો ના કરી હોત. જાહેરમાં કોઈ બોલવા તૈયાર નથી કે મિશન-૪૪ને આ આગ્રા જેવા બનાવોએ ફટકો પહોચાડ્યો છે પણ કાશ્મીરમાં વર્ષો પછી સમ્પૂર્ણ બહુમતીના બલૂનમાં આ બનાવોએ જ ટાંચણી ખોસી છે એ પણ હકીકત છે.

ઝારખંડ, કાશ્મીરના દંગલ પછી મોદી અને ભાજપ સામે દિલ્હી અને બિહારના ચુંટણી દંગલો રાહ જોઈ રહ્યા છે. અર્થતંત્રની ગાડીને હજુ વ્યવસ્થિત પાટે ચડાવવી બાકી છે, ભારતનું નામ વિશ્વના બધા જ ટોચના દેશોમાં આગળ પડતું લેવાય છે એટલું પુરતું નથી એ તો મોદી પણ જાણે છે પણ એને ટકાવી રાખવા માટે મોદીએ ભારતમાં પણ સામાજિક સોહાર્દનું વાતાવરણ બનાવી રાખવું પડશે. વી.એચ.પી અને બીજી સંસ્થાઓને પોતાના શુશાશનના એજન્ડા પર હાવી નહી થવા દેવો પડે ને ભાજપ પણ એ સારી પેઠે જાણે છે કે ફક્ત ને ફક્ત મોદીના ચહેરાને આગળ લાવીને જ કોંગ્રેસ મુક્ત ભારત બની શકે છે. આઝાદી પછી પહેલીવાર ભારતમાં કોંગ્રેસ કરતા ભાજપ શાષિત પ્રદેશોની સંખ્યા વધી છે અને ભાજપ કે મોદી હરગીઝ એવું નહિ ઈચ્છે કે એ સંખ્યામાં ઘટાડો થાય પણ એ પહેલા એમણે વિકાસના એજન્ડાને આગળ ધપાવવો પડશે અને આ એજન્ડામાં રોડા નાખતા તત્વોને રોકી રાખવા પડશે નહીતર જેકે માં થયું એવું અધકચરું પરિણામ આવતું રહેશે. ૨૦૧૫મા વિકાસપુરુષ અને હવે વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવતા મોદી દેશને અધકચરા અજ્ઞાનમાંથી બહાર લાવીને વિકાસ અને પ્રગતિના પથ પર કેવી રીતે દોડાવે છે એના પર સૌની નજર રહેશે.

ભાજપની વાત આવે તો કોંગ્રેસને યાદ કર્યા વગર નાં ચાલે. દેશના આ સૌથી જુના પક્ષની હાલત અત્યારે કોઈ પ્રાદેશિક પક્ષથી પણ બદતર છે. લોકસભાની ચુંટણીનાં મારની કળ હજુ વળે ના વળે ત્યાં એક પછી એક થયેલી વિધાનસભાઓની ચુંટણીમાં પણ કોંગ્રેસનો દેખાવ દિવસે દિવસે નિમ્ન થતો જાય છે. એક વખતે પાર્ટી પર એકચક્રી શાશન કરતા ગાંધી પરિવારને પક્ષને કેમ બેઠો કરવો એની કોઈ સૂઝ કે દિશા સાંપડતી નથી અને પક્ષ એક પછી એક કરારી ચોટ ખાધે જ જાય છે. કોઈ પણ લોકશાહીમાં વિરોધપક્ષનું મહત્વ હમેશા અગત્યનું હોય છે પણ અત્યારે એવી હાલત છે કે વિરોધપક્ષ જ નથી. સોનિયાગાંધી બીમારી અને પક્ષની કથળતી સ્થિતિ વિષે કોઈ ઠોસ સુજાવ રજુ નથી કરી શક્યા સામે છેડે લોકસભામાં કરારી હારનો સામનો કરી ચુકેલા પક્ષના દિગ્ગજો ગાંધી પરિવારથી આગળ કશું વિચારી નથી શકતા. રાહુલ દેશભરમાં મજાકનું પાત્ર બનતો જાય છે અને કાર્યકરો હવે પ્રિયંકા પર આશા રાખીને આવનારા અચ્છે દિનની રાહ જોઈ રહ્યા છે પણ એક પછી એક પરાજયોએ કોંગ્રેસમાં ભયંકર નિરાશા અને હતાશાનું વાતાવરણ પેદા કરી દીધું છે. મોદી મેજિકની ઠેકડી ઉડાડવામાં કોંગ્રેસ પક્ષ સાવ સાફ થવાની સ્થતિમાં આવી ગયો છે અને હજુ પણ એનું કોઈ વિચારમંથન થતું હોય એવું જણાતું નથી. જે પણ થોડી ઘણી સફળતા મળી રહી છે તે પક્ષ નહી પણ વ્યક્તિગત તોર પર મળી રહી છે ત્યારે ૨૦૧૫માં લોકશાહીના અનિવાર્ય સિધ્ધાંત મુજબ પણ કોંગ્રેસે કમર કસીને બેઠું થવું જ પડશે. જો દિલ્હી અને બિહારમાં પણ આ જ પરીશ્થીતી રહી તો ૧૦૦ વર્ષથી પણ જુના આ પક્ષનું નામું નખાય જતા વાર નહિ લાગે. લાલુ અને મુલાયમ જનતા પરિવારના નાટકો કરે છે પણ બંને સારી રીતે જાણે છે કે એમની હાલત પણ હવે પ્રાદેશિક પક્ષો જેવી જ થઈ ગઈ છે. બિહારમાં લાલુ-નીતીશ-મુલાયમ નો એસીડ ટેસ્ટ લેવાશે ત્યારે મિલ્કનું મિલ્ક અને વોટરનું વોટર થઈ જશે પણ ત્યાં સુધીમાં ભાજપ અને ખાસ કરીને મોદીના વાવાઝોડા સામે ટકી રહેવા માટે પણ આ બધાએ કૈક નોખી રણનીતિ અપનાવવી પડશે જેની અત્યારે તો કોઈ શક્યતા દેખાતી નથી. ૨૦૧૫મા દેશના રાજકારણમાં આ ૩-૪ નેતાઓની રણનીતિ શું રંગ લાવે છે કે પછી વોહી પુરાની બેઢંગી રફતાર ચાલુ રહે છે એ જોવું રસપ્રદ રહેશે.



રજળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

રણનીતિ તો ધોનીએ પણ બનાવવી પડશે. યસ ૨૦૧૫માં આ એક વ્યક્તિ પર પણ નજર રહેશે દેશના ખેલપ્રેમીઓની. ઘર આંગણે લંકાને ધૂળ ચાટતા કર્યા પછી મોટા ઉપાડે ઓસ્ટ્રેલીયાને કચડવા ગયેલી ભારતીય ક્રિકેટ ટીમના હાલ કોંગ્રેસથી ય બદતર થઈ ગયા છે. પહેલા બંને ટેસ્ટ ગુમાવ્યા પછી આ લખાય છે ત્યારે બોક્ષિંગ ડે ટેસ્ટમાં પણ ધોનીની સેનાની હાલત ચીથરેહાલ જ છે લાગે છે કે મેકગ્રાએ કહેલી ૪-૦ વાળી વાત જો હવામાનના વિઘ્નો ના નડે તો આ સીરીઝમાં સાચી પડશે જ અને સાથે સાથે ચકનાચૂર થશે ઓસ્ટ્રેલીયાને એની જ ધરતી પર કચડવાનું સ્વપ્ન પણ. ઠીક છે આ સીરીઝ તો ગઈ જ સમજો પણ એનાથી મોટો પડકાર ધોની અને એની સેના સામે છે વર્લ્ડકપને જાળવી રાખવાનો. કારણ પણ પાછું સરખું જ છે અને એ છે ઓસ્ટ્રેલિયાની સરજમીન. યસ, વર્લ્ડકપ ત્યાં જ રમવાનો છે જયાં અત્યારે ભારતીય શેરો ઢેર થઈ રહ્યા છે. જો કે ટેસ્ટ અને વનડે બંને અલગ વસ્તુ છે પણ સ્વાભાવીકપણે આ સીરીઝની કરારી હારની અસર તો રહેવાની જ અને એનું એક કારણ એ પણ છે કે આમાંથી મોટાભાગના ખેલાડીઓ જ વનડે ટીમમાં રમવાના છે. જો કે હજુ ફાઈનલ ફિફ્ટીન ડીકલેર થવા બાકી છે પણ સો વ્હોટ ?? વર્લ્ડકપના પરિણામો પર ધોનીનું કપ્તાન તરીકેનું ભવિષ્ય દાવ પર લાગેલું છે બાકી વિરાટ તૈયાર જ છે ટેક ઓવર કરવા!!!

ધોની સમાચારોમાં રહેશે એનું બીજું કારણ મેચ-ફીક્ષિંગની બબાલ પણ છે જ. એક્યુસ નમ્બર એક શ્રીનીવાસન સર જોરદાર અને એડીચોટીનું જોર લગાવી રહેલ છે ફીક્ષિંગની આ નાગચૂડમાંથી પોતાને છોડાવવા માટે પણ મામલો દેખાય એટલો આસન નથી જ. સુપ્રીમ કોર્ટ એક પછી એક નવા પ્રૌ પૂછ્યે જ જાય છે અને એક્યુઝ નમ્બર બે ધોની જ છે એવું સસ્પેન્સ ખૂલવામાં પણ કોઈ બહુ વાર હોય એવું લાગતું નથી. વર્લ્ડકપને લીધે આખીયે ઘટના અત્યારે તો એક રૂકા હુઆ ફૈસલા તરીકે જોવાઈ રહી છે પણ જેવો વર્લ્ડકપ પૂરો થશે કે તરત જ આ આખોયે મામલો તુર પકડે તો નવાઈ નહી. ધોનીને તો ફીક્ષિંગના આ કાદવના છાંટાથી પોતાને બચાવવાની ચૂનોતી પણ છે જ. ફીક્ષિંગના બનાવો કોઈ નવી વાત નથી પણ જે રીતે ક્રિકેટ પ્લેયરો - બોર્ડ અને રાજકારણીઓની મિલીભગત ચાલે છે એને તોડવામાં જો સુપ્રીમ કોર્ટ સફળ રહેશે તો ૨૦૧૫માં ચોક્કસપણે ધોની ભળતા જ કારણોસર સમાચારોમાં રહેવાનો છે એ નક્કી છે !!!

મિલીભગત તો ત્રાસવાદીઓની તોડવાનો પણ સમય પાકી જ ગયો છે. પેશાવરનો જઘન્ય હત્યાકાંડ નજર સામે જ છે. પાકિસ્તાનને ખુદકી બિલ્લી ખુદકો મ્યાઉંનો અતિકરુણ અને જિંદગીભર યાદ રહે એવો અનુભવ થઈ ચુક્યો છે. પાકિસ્તાન એણે વાવેલા બાવળના કાટાઓથી લોહીલુહાણ થઈ જ ગયું છે પણ યાદ રહે કે તહેરીક-એ-તાલીબાનથી પણ વધુ ક્રૂર અને દયાહીન આતંકી સંગઠન આઈ.એસ.નો ખૌફ દુનિયાભરમાં ધીરે ધીરે ફેલાઈ રહ્યો છે અને ભારત પણ એમાંથી બાકાત નથી રહ્યું. બેંગલોરમાંથી પકડાયેલ આઈ.એસ.નો સાથી કે મુંબઈથી આઈ.એસ.માં ભરતી થવા ગયેલા લોકોના સમાચારો એ વાતની સાબિતી છે કે ભારતમાં પણ આઈ.એસ.નો પગપેસારો થઈ ચુક્યો છે. વિશ્વના દરેક શાંતિપ્રિય દેશોને મુંજવતો અને અકળાવતો કોઈ પ્રશ્ન અત્યારે હોય તો એ છે આઈ.એસ.ના ખોફનાક ઈરાદાઓ. રોજેરોજ આઈ.એસ. દ્વારા રજુ કરાતા વિડિયોઝ અને સમાચારોમાં છવાતા ઘાતકી કિસ્સાઓ એ વાતની સાબિતી છે કે વિશ્વશાંતિને અને આ લોકોને દુરદુર સુધી પણ નહાવા નીચોવવાનો સંબંધ નથી જ.

ભારત હમેશા પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદનો શિકાર બનતું રહ્યું છે. તાલીબાન, સિમી અને અનેક આવા ત્રાસવાદી સંગઠનોનો ડોળો કાયમ માટે ભારત પર મંડરાતો રહ્યો છે. હજુ આપણે આ જેહાદી ત્રાસવાદને સંપૂર્ણપણે નાથવામાં નિષ્ફળ રહ્યા છીએ એવા સમયે અત્યંત ઘાતકી અને સમ્પૂર્ણ જેહાદી માનસિકતા ધરાવતા આઈ.એસ.ની ભારતને નેસ્તેનાબુદ કરવાની ધમકી કે મહેચ્છાઓ વિષે કોઈ દેશની સરકાર અંધારામાં નાં જ રહી શકે. જે રીતે સીરિયા અને ઈરાકમાંથી એક પછી એક સમાચારો મળી રહ્યા છે એ જોતા આઈ એસ. સામે આખાયે વિશ્વે એક થવું પડશે ને તો પણ કદાચ એનો ખાત્મો કરતા ઘણો સમય લાગી જશે એવું લાગે છે. ધીરે ધીરે પણ મક્કમપણે આઈ.એસ. પોતાની આતંકી જાળ અને સામ્રાજય વધારતું જાય છે.જર્મન પત્રકારે આઈ એસ.આધિપત્યવાળા ક્ષેત્રોની પોતાની ૧૦ દિવસની અત્યંત જોખમી મુલાકાત પછી લખ્યું છે કે આઈ.એસ. એકદમ ખતરનાક અને ઘાતકી રીતે સમગ્ર વિશ્વ વિરુદ્ધ ધર્મયુદ્ધની તૈયારીઓ કરી રહ્યું છે. આઈ.એસ. નો ઈરાદો તો ભારતને પણ ઈસ્લામિક સ્ટેટ બનાવવાનો છે જ.જર્મન પત્રકારને આપેલી મુલાકાતમાં આઈ.એસ. ના નેતાએ કહેલું એક વાક્ય અત્યંત ખતરનાક છે. એ લડવૈયાનું કહેવું હતું કે અમે કોઈ સરહદમાં નથી માનતા, અમારે ધર્મયુદ્ધ ખેલવા માટે કોઈ દેશના વિઝા લેવાની જરૂર છે જ નહી અમે ધારીએ ત્યાં અને અમારા મનગમતા સમયે વિશ્વના કોઈ પણ દેશમાં ધમાકો કરવા સક્ષમ છીએ.જો જર્મન પત્રકારનો દાવો સાચો માની લઈએ તો (અને ખોટું માનવાના કોઈ કારણો પણ નથી જ) ફક્ત ચંદ વર્ષો જુનું આ આતંકી સંગઠન ૨૦૧૫માં વિશ્વશાંતિને હણવાની બધી જ કોશિશો કરી છૂટશે એમાં કોઈ મતમતાંતર નથી જ. વૈશ્વિક સ્તરે બધાજ દેશોએ અને ભારતે પણ ૨૦૧૫મા આ જેહાદી વિચારધારા અને અમાનવીય તાકતોને રોકવા પોતાની પૂરી શક્તિ કામે લગાડવી પડશે જ. આવનારા વર્ષમાં પેશાવર અને સિડની જેવા વધુ સમાચારો સુર્ખીયોમાં રહે નહિ એ જ શુભકામના સાથે સૌને હેપ્પી ૨૦૧૫ !!!